# મોડાસામાં સીસીટીવી કેમેરા માટે ખર્ચાયેલા ૭૭ લાખ રૂપિયા પાણીમાં

## મેઈન્ટેનન્સના અભાવે સીસીટીવી કેમેરાના વાયરો રસ્તે રઝળ્યા : રોડ પર પડેલા સીસીટીવી વાહનચાલકો માટે મોત સમાન : ચીફ ઓફીસરની વાર્તા રે વાર્તા

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના વડામથક મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા અને પોલીસતંત્રના સંયુક્ત ઉપક્રમે ગુન્હાખોરી પર અંકુશ લગાવવા અને ગુન્હાની ઘટનાને અંજામ આપી પલાયન થઈ જતા ચોર, ઘરફોડીયા અને અસામાજીક તત્વો પર નજર રાખવા મોડાસા શહેરમાં ૭૭ લાખ રૂપિયાનો ખર્ચ કરી ઠેર ઠેર સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. કેમેરા લગાવી દીધા બાદ વહીવટી તંત્ર દ્વારા મેઈન્ટેન્સમાં ઉદારતા દાખવતા ૭૭ લાખોનો અધધ ખર્ચ નગરપાલિકાને માથે પડ્યો હોય તેવુ લાગી રહ્યું છે. સીસીટીવી કેમેરાના કેબલ વાયર કેટલાય માસથી તુટીને રોડ પર પડી રહ્યા છે. નગરપાલિકા ચીફ ઓફીસર દ્વારા જુની કંપની દ્વારા રીપેરીંગ કરવાની જૂની કેસેટ વગાડતા પ્રજાજનોમાં આશ્ચર્ય.

મોડાસા શહેર પર ત્રીજા નેત્ર તરીકે સીસીટીવી કેમેરાની બાજ નજર રહે તે માટે દોઢ વર્ષ અગાઉ ૧.૧૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હતુ. જેમાંથી ૭૭ લાખ રૂપિયા નગરપાલિકા દ્વારા ફાળવી આ અધધ રકમ દ્વારા શહેરમાં ૨૨ જગ્યાએ ટાવર ઉભા કરી ૪૬ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જો કે કેમેરા તો લાગી ગયા પરંતુ તેનુ મેઈન્ટેનન્સ કે મોનીટરીંગની વ્યવસ્થાના અભાવે શોભાના ગાંઠીયા સમાન અને વાહનચાલકો માથે મોતની જેમ રસ્તા પર સીસીટીવી કેમેરાના વાયરો રઝળી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી મોડાસા નગરના માર્ગો પર સીસીટીવી કેમેરાના કેબલો તુટી પડેલી હાલતમાં છે. આ તુટેલા કેબલોને લીધે કેટલીક મોટરસાયકલ તેમજ રખડતા પશુઓ અને રાહદારીઓના પગમાં તેમજ ટુ-વ્હીલરના અને ફોર વ્હીલરના ટાયરોમાં આ કેબલોના વાયરો આવી જતા રોડ પર અનેકવાર અકસ્માતની ઘટનાઓ બનવા છતા નગરપાલિકાતંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

મેઈન્ટેન્સના અભાવે લાખો રૂપિયાની ગ્રાન્ટો ધુળ ખાઈ રહી છે. જેમાં ૭૭ લાખ રૂપિયાની સીસીટીવી કેમેરાની ગ્રાન્ટનો ઉમેરો થતા નગરજનોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. મોડાસા નગરપાલિકા તંત્ર દ્વારા ૭૭ લાખના કેમેરાનો પ્રોજેક્ટ લોકોના માટે સુખકારી હતો પરંતુ હાલ તો રોડ પર પડેલા કેબલોએ નગરજનોની અગવડતામાં વધારો કરતા નગરજનોમાં નગરપાલિકાના સત્તાધારી પક્ષની કાર્યક્ષમતા પર અનેક પ્રશ્નો ઉભા કર્યા છે.

મોડાસા નગરપાલિકાના ચીફ ઓફીસર હરેશ અગ્રવાલ દ્વારા મોડાસા શહેરમાં તુટી પડેલા સીસીટીવી કેમેરાના વાયરોથી ફોર વ્હીલર અને ટુ વ્હીલર વાળાઓનો અકસ્માતનો ભોગ ન બને તે માટે જુની કંપની દ્વારા રીપેરીંગ કરાવવાનો જૂનો રાગ આલોપી રહ્યા છે.







# દિયોદરના જાડા પાસે કાર અકસ્માતમાં ત્રણના મોત

દિયોદર, તા. ૨૧

દિયોદર તાલુકાના જાડા ગામ પાસે મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં કોતરવાડા તરફથી પુરઝડપે આવી રહેલ કાર ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ૧૦૦ ઉપરાંત સ્પીડમાં રહેલી કાર સીધી દુકાનમાં ઘુસી ગઈ હતી. જેમાં દુકાન માલીક તેમજ કારમાં સવાર બે બાળકો સહિત ત્રણના મોત નિપજ્યા હતા. જ્યારે અન્ય છ વ્યક્તિઓને ઈજા થતા સારવાર અર્થે પાટણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

દિયોદર તાલુકાના પાલડી મીઠી ગામનો પટેલ પરિવાર અર્પીકા કાર નં. જીજે.૧૬.બીકે.૬૮૫૬ લઈ કોતરવાડાથી દિયોદર તરફ ાવી રહ્યો હતો તે દરમિયાન જાડા ગામ પાસે બમ્પ આવતા કારચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવી દિધો હતો. જેમાં સ્પીડમાં રહેલી કાર સીધી જ એક દુકાનમાં ઘુસી ગઈ હતી. જેમાં દુકાનમાં બેઠેલ એક વ્યક્તિને ટક્કર વાગતા ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તેમજ કારમાં સવાર અન્ય બે બાળકો પણ મોતને ભેટ્યા હતા. જ્યારે કારમાં સવાર અન્ય છ વ્યક્તિને ગંભીર ઈજા થતા ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે દિયોદર રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે વધુ ઈજા હોવાથી વધુ સારવાર અર્થે પાટણ ખસેડાયા હતા. આ ઘટનાની જાણ દિયોદર પોલીસને થતા પોલીસ મોડી રાત્રે ઘટનાસ્થળે દોડી આવી કારચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો હતો.




૨૧ એપ્રિલ સિવિલ સર્વિસ દિન હોવાથી સરકારી કર્મચારીઓ, અધિકારીઓ તેમજ સરકારી સેવાઓ સાથે સંકળાયેલા સર્વરોની રેલી ડીસા મામલતદાર સુરેશ ગિલ્વાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં ડીસા તાલુકા વિકાસ અધિકારી શિરોયા, વિવિધ વિભાગના અધિકારીઓ, સસ્તા અનાજની દુકાનોના સંચાલકો, મધ્યાહન ભોજનના સંચાલકો વગેરો જોડાયા હતા. લોકોને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરાયા હતા.

# શ્રદ્ધા, ભક્તિ અને શક્તિના ત્રિવેણી સંગમ બેચરાજી ખાતે ત્રિ દિવસીય ચૈત્રી મેળાનો પ્રારંભ

## ચૈત્રી પૂનમના મેળામાં યાત્રિકો માટે ૧ કરોડનું વીમા કવચ

મહેસાણા,તા. ૨૧

યાત્રાધામ બહુચરાજીમાં ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ રાજ્યના ગૃહમંત્રી રજનીકાંત પટેલે કરાવ્યો હતો. બેચરાજી ખાતે વર્ષોથી બહુચરાજીમાં ચૈત્રી નવરાત્રીની ખૂબ જ ધૂમધામપૂર્વક ઉજવણી કરવામાં આવે છે. સાથે સાથે ચુંવાળ પંથકમાં લોકપ્રિય એવી ચૈત્રી પૂનમનો ત્રી દિવસીય લોકમેળો યોજાય છે. આ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી રજનીકાંત પટેલ, મહેસાણા જિલ્લા કલેક્ટર લોચન સહેરા તેમજ અન્ય મહાનુભાવો હાજર રહી ત્રિ દિવસીય ચૈત્રી પૂનમના મેળાનો પ્રારંભ કરાયો હતો. બેચરાજી ખાતે ૨૦ એપ્રિલથી ૨૨ એપ્રિલ દરમિયાન ચૈત્રી પૂનમનો મેળો યોજાશે.

ગૃહ રાજ્ય મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે ચૈત્રી પૂનમ દરમિયાન આવતા યાત્રીકોની સુવિધા તેમજ સુરક્ષા માટેની ખાસ તકેદારી રાખી સમગ્ર ચૈત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ આવાનારા યાત્રીકો માટે રૂ. ૧ કરોડના વીમા કવચ પણ બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ઉતારવામાં આવેલ છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ચૈત્રઈ પૂનમના મેળામાં ૨૦ લાખથી વધુ ભાવિ ભક્તો મોટીસંખ્યામાં માના દર્શનનો લાભ લે છે. યાત્રિકોને સારી સુવિધા મળી રહે તે માટે વહીવટીતંત્ર દ્વારા આગોતરૂ આયોજન કરાયું છે. મેળા દરમિયાન નિઃશુલ્ક ભોજન, પીવાના પાણીની વ્યવસ્થા, ફોગીંગ, લીંબુ શરબત, પાલખી પથ માટે ખાસ વ્યવસ્થા કરાઈ છે. મેળામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ત્રણ પાલિકા દ્વારા ટીમ તૈયાર કરાઈ છે.

જિલ્લા કલેક્ટર લોચન સહેરાએ જણાવ્યું હતું કે ત્રિ દિવસીય મેળામાં યાત્રિકો માટે ખાસ સુવિધા કરાઈ છે. મેળા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મેળા પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. આ ઉપરાંત કંટ્રોલ કેન્દ્રો પણ શરૂ કરાયા છે.

આરોગ્યની સેવાઓ બાબતે ડૉ. સુહાગ ડી. શ્રીમાળીએ જણાવ્યું હતું કે મેળા દરમિયાન લોકોની આરોગ્યની સુખાખારી માટે આરોગ્ય તંત્ર ખડેપગે છે. મેળામાં ૧૪ મેડીકલ કેમ્પ, ચોવીસ કલાક મોબાઈલ યુનીટ, અંદાજીત ૧૦૦થી વધુ આરોગ્ય કર્મીઓ સેવા બજાવી રહ્યા છે.

# પોતાના જ મત વિસ્તારમાં સટ્ટો રમાતો હોવાનું કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીએ કબુલ્યુ

પાલનપુર, તા. ૨૧

પાલનપુર નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત તુટેલા રસ્તાઓનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂપિયા કરોડના ખર્ચે કરવામાં આવેલા આ મુહૂર્તમાં કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરી ઉપસ્થિત



રહ્યા હતા. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, ઉપ પ્રમુખ અશોક ઠાકોર અને જાણીતા સંત રામેશ્વારનંદ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રિય ગૃહ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીએ ભાજપના ભરપુર વખાણ કર્યા હતા. સાથે સાથે તેમને કટાક્ષમાં બનાસકાંઠાના ભાભરનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે બનાસકાંઠાના વિકાસના કામોની સાથે ભાભરનું સટ્ટાબજાર પણ ફેમસ છે. જો કે કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રીએ ભાભરના સટ્ટાબજારનો ઉલ્લેખ કરતા કાર્યક્રમમાં રમુજી સ્થિતિ પેદા થઈ હતી. કેન્દ્રીય મંત્રીના આ પ્રકારના બેજવાબદાર નિવેદન સામે આમ નાગરિકોમાં આશ્ચર્ય પ્રવર્ત્યુ હતુ. જ્યારે બનાસકાંઠા વિસ્તારમાં વિકાસની ગાથા બયાન કરતા કેન્દ્રીય મંત્રીએ સટ્ટા બજારનો ઉલ્લેખ કરતા ઉપસ્થિત સૌ કોઈનમાં અચરજ પ્રવર્તિ હતી. જ્યારે આ તબક્કે ભાજપના કાર્યકરોમાં પણ કેન્દ્રીય મંત્રીએ જાહેરમાં ભાંગરો વાટ્યો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો.

# ભિલોડાના મઉ ગામે ડૉ. આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરાયુ

ભિલોડા,તા. ૨૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના મઉ ગામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ પ્રસંગે તેમની પ્રતિમાનુ અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ.



બાબાસાહેબ આંબેડકર યુવા ઉત્કર્ષ મંડળ દ્વારા ભવ્ય શોભાયાત્રા અને બાઈક રેલી કાઢવામાં આવી હતી.

મઉ ગામે પ્રસ્થાપિત કરાયેલ ડૉ. આંબેડકરની પ્રતિમા પુંજીબા મોતીભાઈ પરમારના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં વિરચંદભાઈ પરમાર સમારંભના અધ્યક્ષપદે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ધારાસભ્ય અનિલભાઈ જોષીયારા, અરવલ્લી જિલ્લા પ્રમુખ રાજુભાઈ પારઘી, સરપંચ ભરતસિંહ ચંપાવત, તાલુકા સદસ્ય અમૃતભાઈ બારોટ, કરશનભાઈ પરમાર, અરવિંદભાઈ વણકર તથા હસમુખભાઈ પરમાર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાસણના શિક્ષક નરેશભાઈ પરમાર તથા આવકવેરા અધિકારી ચંદુભાઈ પરમારે કર્યુ હતુ અને અરવિંદભાઈ પરમારે આભારવિધિ કરી હતી.

# પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે લુંટારૂ ટોળકી ત્રાટકી

## આઠ ગાડીઓને નિશાન બનાવી ૭૬,૪૦૦ની લુંટ : ડ્રાઈવર-કંડકટરને માર મારી નશીલો પદાર્થ સુંગાડી બેહોશ કરી લુંટ કરી

પ્રાંતિજ, તા. ૨૧

અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે રાત્રીના સમયે હથીયારધારી લુંટારૂ ટોળકી દ્વારા આઠ વાહન ચાલકોને માર મારી લુંટ ચલાવતા પ્રાંતિજ





સહિત પંથકમાં ચકચાર મચી જવા પામી છે અને વાહનચાલકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

પ્રાંતિજના વડવાસા પાટીયા પાસે રાત્રીના સમયે આઠથી નવ જણ જેટલા અજાણ્યા લુંટારૂ ગેંગ દ્વારા રોડ ઉપરથી પસાર થતા વાહનોને ઉભા રાખીને ટોળકી દ્વારા વાહનોમાંથી ડ્રાઈવર તથા કંડકટરોને બહાર કાઢી પાસે આવેલ ખેતરમાં લઈ જઈને માર મારી નશીલો પદાર્થ સુંઘાડી બેહોશ કરી હાથ-પગ બાંધી તેમની પાસે રહેલ રોકડ રકમની લુંટ કરી હતી. જેમાં આઠ જેટલા વાહનો શિકાર બન્યા હતા. જેમાં ભોગ બનનાર પૈકી ત્રણ વાહન ચાલકોએ પોલીસમાં ફરિયાદ કરી છે. જેમાં આઈશર નં. જીજે.૧૨.એયુ. ૫૬૫૬ ચાલક પાસેથી ૧૫,૨૦૦ તથા ટેન્કર નં. આરજે.૦૯.જીસી-૪૭૪૭ના ચાલક પાસેથી ૩૮,૦૦૦ તથા ટ્રેલર નં. જીજે.૬.ઝેડ-૪૫૯૦ ચાલક પાસેથી ૨૧,૪૦૦ મળીને કુલ ૭૪,૬૦૦ની લુંટ કરી બેહોશ કરી માર મારવાની ઘટના બનતા પોલીસને ખબર પડતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જ્યારે જયેશભાઈ ગેલાભાઈ આઈશર ચાલક ડ્રાઈવરની ફરીયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. જેમાં પ્રાંતિજ કતપુર ટોલનાકા તથા પાસે આવેલ હોટલોના સી.સી. કેમેરા તથા એફેસેલની તથા ડોગ સ્કવોડની મદદ લેવામાં આવશે તેવું પ્રાંતિજ પીએસાઈ પી.જી. ચાવડા દ્વારા જાણવા મળ્યું છે.

# સોનાસણ ગામે કુદરતી આફત સહાય પેટે ચાર મકાન માલિકોને ૪ લાખની સહાય અપાઈ

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે તા. ૧૫-૪-૨૦૧૬ને શુક્રવારના રોજ વણકર ફળીયામાં લાગેલ આગમાં ચાર મકાનોની ઘરવખરી સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેમાં પ્રાંતિજ તાલુકા પંચાયત દ્વારા ચારેય મકાન માલિકોને રૂપિયા એક લાખ મળી કુલ ચાર લાખની સહાય આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજના સોનાસણ ગામે વણકર ફળીયામાં રહેતા ચાર ભાઈઓના મકાનમાં આગ લાગી હતી અને આગમાં ઘર સહિત ઘરમાં રહેલ સરસામાન બળીને ખાખ થઈ ગયો હતો. જેમાં પ્રાંતિજ તાલુકા પંચાયત તરફથી તાલુકા વિકાસ અધિકારી એ.જે. પટેલ દ્વારા કુદરતી આફતની સહાય પેટે આ ચારેય મકાન માલિકોને તાલુકા સદસ્ય અને વિરોધ પક્ષના નેતા પ્રદિપસિંહ રાઠોડના હસ્તે આ ચારેય લાભાર્થીઓને એક એક લાખના સહાય ચેક આપવામાં આવ્યા હતા.

# પાલનપુરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો સટોડીયો ઝડપાયો

પાલનપુર, તા.૨૧

પાલનપુર શહેરના પત્થર સડક ભરથાર પાસે રહેણાંક મકાનમાં એક ઈસમ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી સટ્ટોડીયાને ઝડપી પાડયો હતો અને રૂ. ૩૯૯૯૯નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પાલનપુર શહેરના પત્થર સડક ભરથાર વિસ્તાર આવેલો છે. જ્યાં રહેણાંક વિસ્તારમાં રજનીકાંત બાબુલાલ શાહના મકાનમાં રજનીકાંત શાહ, આઈપીએલ ક્રિકેટ મેચનું લાઈવ પ્રસારણ ટીવી ઉપર નિહાળી ગ્રાહકો સાથે સતત ટેલિફોન ઉપર મોબાઈલથી સંપર્કમાં રહી ક્રિકેટ મેચ પર હાર જીતનો જુગાર રમાડી રહ્યો હતો. જેની બાતમી જી.એલ. ચૌધરીને મળી હતી. આથી ટીમ સાથે બાતમી સ્થળે દરોડો પાડયો હતો અને સટ્ટો રમાતા ઈસમ રજનીકાંત શાહને ઝડપી પાડયો હતો અને તેની પાસેથી રૂ. ૧૦૦૦ રોકડા, રૂ. ૧૨૫૦૦ની કિંમતના ૪ નંગ મોબાઈલ, રૂ. ૨૫૫૦૦ની કિંમતનું ટીવી તથા રીવીલર સહિતનો કુલ રૂ. ૩૯૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે સટ્ટોડીયા સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.